R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 20•ISSUE: 31 DATE: 30-07-2016•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to

સરનામામાં સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## અમેરિકાના ઇતિહાસમાં હિલેરી ક્લિન્ટન પ્રથમ મહિલા ઉમેદવાર ઘોષિત

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખપદની ચુટણીમાં ડેમોક્રેટિક પાર્ટીના મહિલા ઉમેદવાર તરીકે હિલેરી ક્લિટન સહુ પ્રથમ મહિલાએ ઉમેદવારી જીતીને ઇતિહાસ સર્જ્યો છે.તેઓ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ પદની ચુંટણીમાં કોઇ મોટી પાર્ટીનું નેતૃત્વ કરનાર સહુ પ્રથમ મહિલા બની ગયા છે.વિદેશ મંત્રી,દેશના પ્રથમ મહિલા તથા ન્યુયોર્કથી સેનેટર રહી ચુકેલા હિલેરીએ ફિલાડેફીયામાં ડેમોક્રેટિક નેશનલ કન્વેશનમાં પાર્ટીના કુલ ૪૭૬૪ ડેલીગેટ્સનું સમર્થન પ્રાપ્ત કર્યુ હતું.પ્રાઇમરી ચુંટણીમ ાં હિલેરીના હરીફ બર્ની સેન્ડસે પોતાના ગૃહ રાજ્યમાં વરમોન્ટનો વારો આવતાં હિલેરીના નામાંકનનો પ્રસ્તાવ રજુ કર્યો હતો. અને આ રીતે તેમણે મતભેદો સામે ઝઝુમી રહેલી પાર્ટી માટે એકતાનો સંદેશો આપ્યો હતો.

સેન્ડર્સે રાષ્ટ્રપતિ પદની ચુંટણી માટે પાર્ટી ઉમેદવાર તરીકે હિલેરીના સર્વસંમત નામાંકનનો માર્ગ મોકળો કરવા માટે નિયમો ને રદ કરવાની અપીલ કરી હતી.તેમણે કહયુ હતું કે હું પ્રસ્તાવ મુકુ છું કે હિલેરી ક્લિટનને અમેરિકાના રાષ્ટ્રપતિ પદની ચુંટણી માટે ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર નામાંકિત કરવામાં આવે.થોડી ક્ષણો બાદ ડેમોક્રેટીક ડેલીગેટ્સે હિલેરીને પાર્ટીના ઉમેદવાર તરીકે નામાંકિત કર્યા હતા.તેઓ હવે રિપબ્લીકન પાર્ટીના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પને જોરદાર ટક્કર આપશે.હિલેરીએ કહ્યુ હતું કે આ ક્ષણ એ દરેક નાના બાળકી માટે છે.જે મોટા સપના જુએ છે.અમે ઇતિહાસ રચ્યો છે.શક્તિશાળી સેનેટ કમિટી ઓન એપ્રોપ્રિએશનના પ્રથમ મહિલા અધ્યક્ષ બાર્બરા એ મિકુલસ્કીએ હિલેરીના નામાંકનનો પ્રસ્તાવ રાખ્યો હતો.નાગરિક અધિકાર નેતા જોન લેવીસે ઉમેદવારી માટે હિલેરીના નામનું સમર્થન કર્યુ હતું.લેવીસે કહયું હતું કે અમારી પાર્ટીએ આઠ વર્ષ પહેલાં એવા ઉમેદવારને નામાંકિત કર્યા હતા અને ચુંટયા હતા જેઓ વ્હાઇટ હાઉસમાં સેવા આપનાર પ્રથમ અશ્વેત હતા અને તેમણે એક નહી બે કાર્યકાળ સુધી સેવાઓ આપી હતી.આપણે આવતીકાલની પાર્ટી છીએ અને અમેરીકામાં સાચા લોકતંત્રનું નિર્માણ કરીશું. તેમણે હિલેરીની પ્રશંસા કરતાં કહ્યુ હતું કે તેમણે લોકસેવા અને અમેરિકાને ઉત્તમ બનાવવા માટે પોતાનુ સમગ્ર જીવન સમર્પિત કરી દીધું છે.હવે હિલેરી ક્લિટન ઉમેદવારી સ્વીકારત પોતાનું ભાષણ આપશે.

## ગૌમાંસની શંકાને કારણે મધ્યપ્રદેશમાં ગૌરક્ષકો દ્વારા બે મુસ્લીમ મહિલાઓ પર હુમલો

ગૌરક્ષાના નામે દેશમાં વધુ એક હુમલાની ઘટના બની છે. મધ્યપ્રદેશના મંદસૌરમાં કેટલાક ગૌરક્ષકોએ બે મુસ્લીમ મહિલાઓની જાહેરમાં પીટાઇ કરતાં વિવાદનો મધપુડો ફરીથી છંછેડાઇ ગયો છે.અને તેનો પડઘો સંસદ સુધી પડ્યો છે.

મંદસૌર રેલવે સ્ટેશને આ ઘટના બની હતી.તપાસ થયા બાદ એવું બહાર આવ્યુ હતું કે મુસ્લીમ પરિવારની મહિલાઓને જેના માટે માર મારવામાં આવ્યો હતો તે માંસ ગાયનું નહીં ભેંસનું હતું.કરુણતા એ હતી કે પોલીસની હાજરીમાં ગૌરક્ષકો આ મહિલાઓને માર માર્યો હતો.ભાજપ શાસિત અને બીજા કેટલાક રાજ્યોમાં આવી ઘટનાઓ બની રહી છે પરંતુ ભાજપની નેતાગીરી આ બાબત કંઇ બોલવા તૈયાર નથી.રાજકીય નેતાઓ અને પોલીસના સહકારથી ગૌરક્ષકો દ્વારા કરાતી જાહેરમાં કનડગત અને ખંડણી વસુલીના કિસ્સાઓ બહાર આવ્યા બાદ પણ તેમના પેટનું પાણી હાલતું નથી.ભાજપજો મહિલાઓનું સન્માન ના કરી શકતો હોય તો તે કન્યા બચાવની ઝુંબેશ કેવી રીતે ચલાવશે?

## અમેરિકાની રિપબ્લીકન પાર્ટીએ ભારતના ધાર્મિક હિંસા અને ભેદભાવથી ધાર્મિક સમુદાયોને બચાવવાનો મુદ્દો ચુંટણી મેનીફીસ્ટમાં મુક્યો

અમેરીકાના ઓહિયો ખાતે કલીવલેન્ડમાં રિપબ્લીકન પાર્ટી દ્વારા પોતાના ચુંટણી મેનિફીસ્ટોની જાહેરાત કરવામાં આવી હતી. આ જાહેરાત દરમિયાન રિપબ્લીકન પાર્ટીએ ભારતને અમેરિકાનો જીવો પોલીટીકલ સાથી ગણાવ્યો હતો.ભારતને મહત્વનો સાથી ગણાવવા ઉપરાંત રિપબ્લીકન પાર્ટીએ જણાવ્યુ હતું કે ભારતે પોતાના દેશમાં તમામ ધાર્મિક સમુદાયોને હિંસા અને ભેદભાવથી બચાવવા જોઇએ.અમેરિકામાં હાલમાં રાષ્ટ્રપ્રમુખપદ માટે ડેમોક્રેટિક અને રિપબ્લીકન પાર્ટી વચ્ચે કટ્ટર હરિફાઇ ચાલી રહી છે.રિપબ્લીકન પાર્ટીએ સ્થિતિનો લાભ લેવા માટે ૫૮ પાનાનો મેનિફિસ્ટો જાહેર કર્યો છે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## ફ્રાંસમાં ચર્ચમાં ઇસ્લામિક સંગઠનનો હુમલો : પાદરીનું ગળુ કાપી નંખાયું

ફ્રાંસના નોર્મન્ડી શહેર નજીકના એક ગામમાં આઇએસઆઇએસના બે હુમલાખોરોએ એક ચર્ચમાં પાદરી સહિતના લોકોને બંદી બનાવી લીધા હતા અને ત્યારબાદ ૮૪ વર્ષના પાદરીનું ગળું કાપી નાંખીને તેની હત્યા કરી નાંખી હતી. જોકે બાદમાં પોલીસે બંન્ને હુમલાખોરોને ઠાર માર્યા હતા.

ચર્ચમાં થયેલા આ હુમલામાં એક નાગરિક પણ ઘવાયો હતો.જેની હાલમાં હોસ્પીટલમાં સારવાર ચાલી રહી છે.તે ગંભીર છે. પોલીસે ચર્ચમાંથી ત્રણ લોકોને સલામત રીતે બચાવી લીધા હતા.સેન્ટ એટિન-ડ્યુ-રોવરે નામના ગામમાં આ ઘટના બની હતી.સવારની પ્રાર્થના વખતે હુમલાખોરોએ ચર્ચમાં તમામને બંદી બનાવ્યા હતા. પોલીસ અને સુરક્ષા દળોએ ઘટના બાદ ચર્ચમાં કોઇ વિસ્ફોટક ડિવાઇસ છે કે કેમ તેની તપાસ કરી હતી.નીસમાં તાજેતરમાં થયેલા મોટા આતંકી હુમલા પછી ફ્રાંસમાં હાઇ એલર્ટ છે. ઇસ્લામિક ગ્રુપ આઇએસઆઇએસ ફ્રાંસમાં હુમલા માટે સતત પ્રયાસ કરી રહ્યું છે.છેલ્લા બે મહિનામાં ફ્રાંસમાં ઇસ્લામીક સંગઠનના સમર્થન ધરાવતા ત્રણેક હુમલાથી યુરોપમા ભય વ્યાપી ગયો છે.

## કાશ્મીરનો કેસ કોઇપણ રાજ્યમાં ટ્રાન્સફર થઇ શકશે : સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટની પાંચ જજોની બનેલી ખંડપીઠે જમ્મુ-કાશ્મીર સબંધિત એક મહત્વનો ચુકાદો સંભળાવ્યો છે. ખંડપીઠે ચુકાદો આપ્યો છે કે જમ્મુ-કાશ્મીરમાં ચાલી રહેલા કેસ દેશના અન્ય રાજ્યોમાં ટ્રાન્સફર થઇ શકે છે.ઉલ્લેખનીય છે કે અત્યાર સુધીમાં ત્યાં આ પ્રકારની જોગવાઇ નહોતી. પાંચ જજની ખંડપીઠે પોતાના ચુકાદામાં જણાવ્યું કે બંધારણની કલમ ૨૧નું કહેવું છે તે તમામને ન્યાય મેળવવાનો અધિકાર છે. જો કોઇ વ્યક્તિ અન્ય રાજ્યમાં યાત્રા કરવામાં અસમર્થ હોય તો તેઓ એક રીતે ન્યાય મેળવવવામાં વંચિત છે.

જજે નિર્દેશ આપ્યો છે કે આ સ્થિતિમાં સુપ્રીમ કોર્ટને કલમ ૧૩૬ અંતર્ગત અધિકાર છે કે તે તમામને ન્યાય અપાવે. સીઆરપીસીની કલમ ૨૫ની હવાલો આપતાં ખંડપીઠે જણાવ્યુ કે આ કલમ મુજબ, દેશના કોઇપણ રાજ્યમાંથી કોઇ કેસ અન્ય રાજ્યમાં ટ્રાન્સફર થઇ શકે છે.પરંતુ જમ્મુ-કાશ્મીરમાં રણબીર પીનલ કોડ આરપીએસમાં આ જોગવાઇ નથી.માટે પહેલાં ત્યાંથી કોઇ કેસ અન્ય રાજ્યોમાં ટ્રાન્સફર થઇ શકતા નહોતા. આ સબંધે સુપ્રીમ કોર્ટમાં એક અરજી કરવામાં આવી હતી જેની પર સુનાવણી કરતાં કોર્ટે આ ચુકાદો આપ્યો છે. સુપ્રીમકોર્ટના આ ચુકાદા બાદ જમ્મુ-કાશ્મીરમાંથી કોઇપણ કેસ દેશના કોઇપણ રાજ્યમાં ટ્રાન્સફર થઇ શકશે.

## જમ્મુ -કાશ્મીરમાં પ્રકાશન પર કોઇ પ્રતિબંધ ના હોવા છતાં સમાચારપત્રોનું પ્રકાશન સ્થગિત થયું

કાશ્મીરમાં હિઝબુલ મુજાહિદીનના કમાન્ડર બુરહાન વાનીના એન્કાઉન્ટર બાદ શરુ થયેલી હિંસાનો સિલસિલો ચાલુ રહ્યો હતો.તેના કારણે કાશ્મીર ખીણમાં સમાચારપત્રોનું પ્રકાશન થઇ શક્યુ નહોતું.જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી મહેબુબા મુફતીએ સુચના અને પ્રસારણ મંત્રી વેંકૈયા નાયડુને માહીતી આપતાં કહ્યુ હતું કે સમાચાર પત્રોના પ્રકાશન પર કોઇ પ્રતિબંધ નથી.હિંસાના કારણે કાશ્મીરી પંડિતોના પરિવારજનો કાશ્મીર ખીણ છોડી જમ્મુ આવી ગયા હતા.

ચીને અને પાકિસ્તાને સાથે સુર મિલાવતાં કાશ્મીરની હિંસા બાબતે ચિંતા વ્યક્ત કરી હતી.તેમણે આશા કરી હતી કે સમગ્ર પરિસ્થિતિને યોગ્ય રીતે સંભાળવામાં આવે તો શાંતિપુર્ણ નિવારણ લાવી શકાશે.ચીને કાશ્મીરનો મુદ્દો ઇતિહાસ સાથે સંકળાયેલો ગણાવ્યો હતો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

ઉનાના દલિત અત્યાચાર કાંડના દેશભરમાં પડઘા પડયા.સંસદમાં પણ તેનો ભારે વિરોધ થયો.જો કે વિરોધ પક્ષો અને અન્ય દલિતો દ્વારા આ તેમની મતપેટીઓના સંદર્ભમાં પોતાની તરફેણમાં જુવાળને અંકે કરવાનો પ્રયાસ હતો. ખરેખર દલિતોની ચિંતા આઝાદી આવ્યા બાદ ક્યા રાજકીય પક્ષે કરી છે તેની ચર્ચાનો અવકાશ નથી.અમુક સીમીત દલિત વર્ગને આટલા બધા વર્ષોમાં લાભ મળી શક્યો છે. અને કેટલોક વર્ગ વધુ શક્તિશાળી બની શક્યો છે.અનામતના લાભો સમગ્ર દલિતોને પહોચી શક્યા નથી. પરંતુ આ માટે રાજકીય પક્ષોની સાથે સાથે દલિત વર્ગના નેતાઓ પણ તેટલાજ જવાબદાર ગણી શકાય.દેશના સમગ્ર લોકો કચડાયેલા વર્ગને માટે ચિંતિંત હોવો જરુરી છે. જો કે હવે સમય બદલાયો છે અને દલિતો કરતાં બીજા વર્ગના લોકો અનામત માટેની લડત ચલાવી રહ્યા છે.

ઉનામાં બનેલી ઘટનામાં સંડોવાયેલ તત્વો કે જેઓ ગૌરક્ષાના નામે ચરી ખાય છે તેઓ જ્યારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી તેમને મોકળું મેદાન મળી ગયું છે. એમને કોઇ રોકનાર નથી. પોલીસ વિભાગને તો વાંદરા બિલાડીની રોટલાની રમત જેવો ખેલમાં હિસ્સેદારી જેવું છે.તેઓ ગૌરક્ષાના નામે કામ કરતાં લોકો અને કસાઇઓ જેવા લોકો વચ્ચેથી રોટલાના ટુકડામાંથી ભાગબટાઇ કરવાની છે તેથી તેઓ તેમનો સાથ આપે છે.જે પ્રમાણે દારુબંધીમાં બની રહ્યુ છે તે પ્રમાણે ગુજરાતમાં ઠેર ઠેર દારુના પીઠાઓ પર દારુ મળે છે.અને તેના માટે પોલીસને નિયમિત રીતે હપ્તા મળે છે.એજ પ્રમાણે માંસની ખપત વધુ છે અને ખાનારાઓની સંખ્યા પણ એટલી જ છે તેથી પુરવઠો રોકવો નહી અને પુરવઠામાં અછત ઉભી કરવી એવો કારસો કરીને વધુ ખંડણી મેળવવી એવો એક ખેલ ચાલી રહ્યો છે. જે ભાવે આજથી દસ વર્ષ પહેલાં માંસ મળતું હતું તેમાં પુરવઠામાં કૃત્રિમ અછત ઉભી કરવાથી ભાવો દસથી પંદર ગણા વધી ગયા છે.શાકભાજીના ભાવો વધે તો લોકો બુમો પાડે છે. પરંતુ માંસાહારીઓ ગમે તે ભાવે ખરીદે છે.ટામેટા કે દુધીના ભાવો વધે તો છાપા વાળા બુમો પાડે છે કે મધ્યમવર્ગનું બજેટ ખોરવાઇ ગયું. પરંતુ ચીકનના કે મટનના ભાવો ૬૦ રુપીયા કિલોથી માંડીને ૨૦૦ સુધી પહોચી જાય તો પણ માંસાહારીઓ બોલતા નથી. જો કે માંસાહારીઓની સંખ્યા ગુજરાતમાં પણ શાકાહારીઓની સરખામણીમાં વધુ છે.તો આ બધો ખેલ કોના માટે ચાલે છે.રાજકારણીઓ માટે,ગૌરક્ષકોના ભલા માટે,કસાઇઓના ભલા માટે કે પછી માંસાહારીઓ માટે.ચર્ચા અને સમજણપુર્વકની તપાસનો વિષય છે.હવે સરકારે તો જાગવું જ પડશે. સરકારનું કામ લોકો માટે અછત ઉભી કરવાનું નથી. પરંતુ તેમની જરુરીયાતોને પહોચી વળવા માટે વ્યવસ્થા કરવાનું છે. કોઇ એક કોમ કહે તેથી બીજા કોમના કે તેના રહેણી કરણી કે ખોરાક બદલી નાંખવો તે બંધારણીય દષ્ટિએ યોગ્ય નથી.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજવળ ભવિષ્ય બનાવો.
હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક: એ એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


બાઈબલમાં કહેવાયું છે કે કેવળ એક પાપી પોતાના દોષ માટે પશ્ચાતાપ કરે તો પણ સ્વર્ગમાં આનંદ આનંદ વ્યાપી રહેશે.વિહિપને કદાચ આ લાગુ નહી પડે, પરંતુ આનંદના સમાચાર એવા છે કે વિહિપે પશ્ચાતાપ કરવા માંડયો છે. એને ભાન થયું છે કે જો દલિતો સનાતન ધર્મ છોડીને અન્ય સમતાવાદી ધર્મોમાં જતા રહેશે તો, તેની પાછળનું એક માત્ર કારણે હિંદુ ધર્મમાં રહેલી અસ્પૃશ્યતા છે. જે ઘરમાં પાછા આવવાનું આમંત્રણ આપવામાં આવે છે તેમાં તેને માણસ તરીકે ના ગણતા હોય તો ''ઘરવાપસી''ની કોઇ જરીર પડે ખરી ?

ઘણા બધા દલિતોએ હિંદુ ધર્મ છોડી દીધો છે તેની કોઇને નવાઇ ના લાગવી જોઇએ. નવાઇ તો એની લાગવી જોઇએ કે હજી સુધી આટલા બધા દલિતો હિંદુ ધર્મને કેમ વળગી રહ્યા છે ? હિંદુ રાષ્ટ્રવાદીઓમાં એક બાબતે હજી ગોટાળો પ્રવર્તે છે. આપણને વારંવાર એવું કહેવામાં આવે છે કે, હિંદુ ધર્મ તો ઘણો સહિષ્ણુ હોઇ સેક્યુલર વિચારસરણી તેની નસેનસમાં વહે છે.એટલે તો હિંદુ ભારત અને સેક્યુલર ભારત વચ્ચે કશીયે ભેદરેખા દોરી ન શકાય. વાસ્તવમાં હિંદુ ધર્મની ઉક્ત સહિષ્ણુતા તો એક મોટો ભ્રમ છે. સત્યથી ઘણી વેગળી છે.

હા, હિંદુ ધર્મ કદાચ સહિષ્ણુ હશે પણ હિંદુ સમાજ તો અસહિષ્ણુ અને અસમતાવાદી છે. ભલેને અદ્વૈતિત્વનું આપણે ગૌરવ લેતા હોઇએ પરંતુ, એક તરફ શુદ્રો તથા અતિ શુદ્રો પ્રત્યે ધિક્કાર અને બીજી તરફ બ્રહ્મ(ઇશ્વર) હરેક જીવમાં વસે છે.એવી આપણી ધાર્મિક માન્યતા : ઉભય વચ્ચે કેમનો મેળ ખાય તે સમજાતું નથી ! હિંદુ સમાજ તેના બહુ મોટા સમુહ સાથે ક્રુર વર્તન કરે છે. ભગવદ્ગીતાનું વલણ પણ એવું છે. એમાં પણ આ પુર્વગ્રહ દ્રષ્ટિગોચર થાય છે. દા.ત.સવર્ણોમાં વસતા ગુણો અને અવર્ણોમાં રહેલા ગુણોનો ઉલ્લેખ અને બંનેની વચ્ચેની સરખામણી(અધ્યાય ૧૮૯,શ્લોક ૪૧-૪૮) આપણા વિદ્વતાસભર, ઉત્કૃષ્ટ કોટિના વેદો તથા ઉપનિષદો દ્વારા પીરસવામાં આવતી આધ્યાત્મિકતા કે જેના વખાણ કરતાં આપણે થાકતાં નથી, તેમાં પણ દલિતો અને ખાસ તો દલિત મહિલાઓ પ્રત્યેનો આપણો વ્યવહાર કેવો હોવો જોઇએ તેનું બયાન સુગ ઉપજાવે તેવું છે.એમની સાથેનો વ્યવહાર સદાય ઘૃણાજનક રહ્યો છે.દલિત મહિલાઓને આપણે હંમશા ઉપભોગની ચીજો જ ગણી છે.ગરિમાવંત મનુષ્યો નહીં, શુદ્રો પ્રતિ પણ એવો જ વ્યવહાર રહ્યો છે. ભારતમાં ખુદ દેશવાસીઓનો બહુ મોટો હિસ્સો હંમેશ માટે ઉપેક્ષિત રહ્યો છે.તેમની ભારે અવગણના કરી છે. તેમને બંધુ-ભગિની ગણ્યા નથી.

હિદુત્વ -વિચારધારાનો પ્રચાર બહુધા બહુમતીએ અને તેમાંય ખાસ તો બ્રાહ્મણોએ કર્યો છે.જેમને નીચલી જાતિઓ ગણવામાં આવે છે તેઓ હિંદુ માઇથોલોજી અને ફિલસુફી વિષે શું વિચારે છે તથા કેવી માન્યતા ધરાવે છે તેની ક્યારેય ચર્ચા કરવામાં આવી નથી.જ્યોતિબા ફુલે જેવા એક માત્ર આધુનિક વિચારસરણી ચિંતકે કડક શબ્દોમાં બ્રાહ્મણીક વિચારધારા વિરુધ્ધ લખ્યું છે.ડો. બાબાસાહેબ આંબેડકરે તો બ્રાહ્મણિક વિચારસરણીની ટીકા કરતાં લખાણો લખ્યા છે.એમનું ક્રિટિક ઓફ ભગવદ્ ગીતા વાંચો તો બ્રાહ્મણિક વિચારસરણી અછુતો પ્રતિ કેવું વલણ ધરાવે છે ને તેમને કેવા માને છે તેનો ખ્યાલ આવશે.બાબાસાહેબે તેમના સમગ્ર જીવન દરમ્યાન એનો વિરોધ કર્યો ને છેવટે જ્યારે તે હિંદુઓને આ બાબતે સભાન કરવામાં સફળ ના જ થયા ત્યારે તેમણે હિંદુ ધર્મનો ત્યાગ કર્યો અને તેમણે સમતાવાદી બૌધ્ધ ધર્મ અપનાવ્યો.

# હિંદુ હોવું એટલે શું ?

ગાંધીજીએ તો હિંદુઓને અસ્પૃશ્યતા હિંદુ ધર્મનું કલંક છે એવું કહ્યું તથા તેની ભ્રષ્ટતા કેટલી ભયંકર છે તે હિદુંઓને ગળે ઉતારવા ભગીરથ પ્રયાસો પણ કર્યા હતા.ડો. આંબેડકર અસ્પૃશ્યોને થતા અન્યાય સામેની લડતના એક ભાગરુપે અસ્પૃશ્યોને માટે અલગ મતાધિકારની માંગણી કરતા હતા. ગાંધીજીને લાગ્યું કે આને લીધે ત હિંદુઓમાં સવર્ણ-અવર્ણ જેવા ભાગલા પડી જશે આ સ્વાતંત્ર લડતમાં દલિતો ટેકો નહીં આપે એટલે, તેમણે તેનો વિરોધ કર્યો તથા યેરવડા જેલમાં આમરણાંત ઉપવાસ પર બેઠા.પરિણામે ડો. આંબેડકરન પણ સવર્ણ હિંદુઓ પર અસ્પૃશ્યતાના નિવારણ માટેનું દબાણ લાવવામાં સફળ ના થયા.હિંદુઓએ દલિતોના વિકાસાર્થે હરિજન સેવા સંઘની સ્થાપના તો કરી પણ એના ઉદ્દેશ્યોની પરિપુર્તિ માટે જવલેજ્જ સક્રિયતા દાખવી.આઝાદી મળ્ય હવે ૬૭ વર્ષો થાય છે તેમ છતાં, દલિતો તથા આઆદિવાસીઓ માટેની અનામતની જોગવાઇ હજી ચાલુ રાખવી પડી છે જેનો પોતાને સવર્ણ ગણતા હિંદુઓને નતી કશો સંકોચ થતો કે નથી કશી શરમ લાગતી !

હિંદુ સમાજના સદનસીબે મુસ્લીમ શાસકો પણ ભારતમાં તેમના છ સૈકા જેટલા દીર્ઘ શાસન દરમ્યાન જાતિપ્રથાને સ્પર્શ્યા નહી અડકયા નહી ને તેને જૈ સે થે રાખી. હા, તેમણે અસ્પૃશ્યોનું ધર્માંતર તો કર્યુ પણ હિંદુ સમાજને તો તેમણે યથા તથા જ રાખ્યો.અને બ્રિટિશરોએ તો ધર્માંતર કરતાં પણ વધારે ખરાબ કામ કર્યું. તેમણે નાત જાત કે એવા બીજા કોઇ પણ ભેદ રાખ્યા વિના ભારતમાં સૌને માટે આધુનિક શિક્ષણ મેળવવાની તકો ને સુવિધાઓ ઉભી કરી આપી.તેમનો આવો અભિગમ તો હિંદુ સમાજમાં એક ક્રાંતિકારી પગલું બની ગયું.કારણ હિંદુ સમાજમા આજ લગી માત્ર ઉપલી બે જાતિઓને જ ભણવાનો હક હતો. બાકીનીને નહીં. જો બ્રિટિશરો આવું પગલું ભરીને આધુનિક શિક્ષણ અને તેની સાથે આધુનિક વિચારસરણી ના લાવ્યા હોત તો શ્યામજી કૃષ્ણ વર્મા સંસ્કૃત વિદ્વાન ના બની શક્યા હોત અને મોહનદાસ કરમચંદ ગાંધી બારિસ્ટર પણ ના બન્યા હોત. હકીકતે તો ક્રિશ્ચિયાનીટીએ નહી પણ બ્રિટિશરોએ જે આધુનિક શિક્ષણ આણ્યું તેણે, હિંદુ સમાજ સામે મોટો પડકાર ફેક્યો છે.

દ.ભારતમાં પ્રસ્તુત આધુનિક શિક્ષણે આણેલ ક્રાંતિની ભારે અસર થઇ છે. જસ્ટીસ રાજકીય પક્ષે બ્રાહ્મણ વિરોધી ઝુંબેશ ઉપાડી તેણે અને ત્યાર બાદ પેરીયારોની દ્રાવિડ ઝુંબેશે દ.ભારતને ઉ. ભારત કરતાં સાવ જુદુ સ્વરુપ બક્ષ્યું છે. તેની કાયાપલટ કરી નાંખી છે. ફક્ત ઉ. ભારત એનું એજ રહી ગયું છે. હિદુત્વ ઝુંબેશનો અડ્ડો બિમારુ રાજ્યોમાં જ છે.વળી હ્યુમન ડેવલપમેન્ટ ઇન્ડેક્ષ ભારત કરતાં દ.ભારતમાં વધાર ઉંચો છે.

જાતિ(જ્ઞાતિ)પ્રથા હિંદુ સમાજને અલગ અલગ ટુકડાઓમાં વિભાજીત કરી નાંખે છે. વિ.હિ.પ.ભારતને હિંદુ રાષ્ટ્ર બનાવવાના સપના જોઇ રહી છે. પરંતુ એક વરવું સત્ય વિસારે ના જ પડાય એ સતત ધ્યાનમાં રાખવું પડે કે હિંદુ હોવું એટલે વિભાજીત હોવું. ટુકડા હોવું ,એક અખંડ રાષ્ટ્ર નહી, અને માત્ર ને માત્ર અખંડ ભારત, રાષ્ટ્રને વિ.હિ.પથી બચાવી લેશે એમાં લગીરે શંકા નથી.

લેખક : મેઘનાથ દેસાઇ.

અનુવાદક ફા.વિલિયમ (મુળલેખ બીઇંગ અ હિંદુ,ઇન્ડીયન એક્સપ્રેસ તા. ૨૯-૩-૨૦૧૫)

છેલ્લા કેટલાક સમયથી સમાજની નિચલી જાતિઓ પર થતાં અત્યાચારને કારણે આવી જાતિઓ ધર્મ પરિવર્તન કરવા પ્રેરાય છે.તાજેતરમાં ઉના અત્યાચાર બાબતે કેટલાક દલિત સંગઠનોએ ધર્મ પરિવર્તન કરવાની ગુહાર લગાવી છે. ધોઘા ખાતે કેટલાક દલિત સમદાયના લોકો ધર્મપરિવર્તન કરવાના છે.ધર્મ પરિવર્તન ના થાય અને ઘરવાપસી માટેના કાર્યક્રમો જોરશોરથી ચલાવનાર વિ.હિ.પ.કે તેના સહયોગી દ્વારા થયેલા અત્યાચારોને કારણે ધર્મપરિવર્તનનો આખો માહોલ પેદા થયેલો છે.તો આ અંગે તેઓએ પોતાનું આત્મમંથન કરવું સલાહ ભરેલું છે. તેમની ભુલોથી આ પરિસ્થિતિનુ સર્જન થઇ રહેલું છે.

મગરની જીભ તેના મોઢાના ઉપરના ભાગ સાથે જોડાયેલી હોય છે.તેને કારણે મગર ચાવવાની ક્રિયા કરી શકતોનથી.પરંતુ તેનો પાચનરસ એટલો શક્તિશાળી હોય છે કે તે લોખંડની વસ્તુઓ સુધ્ધાં પચાવી શકે છે.

દુર આ દુનીયાનું ચોથુ સૌથી બુધ્ધિમાન પ્રાણી છે.

# સરકારે ઇરાદાપુર્વકની કરાતી ટીકાઓ સામે રિર્ઝવ બેન્કની સ્વાયત્તાનું રક્ષણ કરવું જોઇએ : આરબીઆઇ ગર્વનર રાજન

રિર્ઝવબૅંકના ગર્વનર રઘુરામ રાજને વ્યાજદર પર તેમના પર ટીકાઓનો વરસાદ વરસાવનારાને વળતો જવાબ આપતાં કહ્યુ હતું કે સરકારે આવી ઈરાદાપુર્વકની ટીકાઓને બાજુ પર રાખીને રિર્ઝવ બૅંકની સ્વાયત્તતાનું રક્ષણ કરવું જોઈએ.રાજને કહ્યુ હતું કે તેમને આશ્ચર્ય થાય છે કે આટલી મોઘવારી છતાં બહુ ઉહાપોહ થતો નથી.રાજને ક્રુડના આંતરરાષ્ટ્રીય ભાવમાં ઘટાડા છતાં તેનો લાભ લોકોને આપવામાં આવ્યો નથી.જે લોકો ઉંચા વ્યાજદરની આરબીઆઈની નીતીની ટીકા કરી રહ્યા છે તેજ લોકો જ્યારે ભારતને વિશ્વમાં સૌથી ઝડપી વૃધ્ધિ કરતું અર્થતંત્ર દર્શાવાયા છે ત્યારે આ નીતિની પ્રશંસા કરવા લાગે છે.સેન્ટ્રલ બેન્કની ટીકા માત્ર ભારતમાં થાય છે તેવું નથી, યુકે અને યુએસમાં પણ થાય છે. આવી માહીતી વગરની અને ચોક્કસ હેતુથી પ્રેરિત જાહેર ટીકાને બાજુ પર રાખીને સરકારોએ સેન્ટ્રલ બેન્કની સ્વતંત્રતાનું રક્ષણ કરવાનું છે અને તે મુજબ પગલાં ભરવા જોઈએ.સ્થિર અને સાતત્યપુર્ણ વૃધ્ધિ માટે તે જરુરી છે.

૧૦મી સ્ટેટીસ્ટીકસ ડે કોન્ફરન્સને સંબોધન કરતાં રાજને કહ્યુ હતું કે ફુગાવો વધારે હોય તો તેની ઘાતક અસર નબળા વર્ગ પર પડે છે.તેમને આશ્ચર્ય થયું કે આટલી મોઘવારી છે છતાં બહુ ઉહાપોહ થતો નથી.તેમણે કહ્યુ હતું કે કોઈપણ રાજકીય બાબતોમાં પડ્યા વગર ફુગાવો વધી રહ્યો હોય ત્યારે નાણાંકીય સંસ્થાઓએ મેક્રોઈકોનોમિકસ સ્થિરતા જાળવવી જરુરી બને છે.આથી જ ગમે તે સરકાર આવી તેણે આરબીઆઈને સ્વતંત્રતા આપી છે.

આરબીઆઈની નીતિને કારણે નહી પરંતુ આપણા સારા નસીબને કારણે ક્રુડ ઓઈલના ભાવ ઘટવાથી ફુગાવાનો દર નીચો આવ્યો હોવાની વાતને પણ રાજને નકારી કાઢી હતી. તેમણે કહ્યુ હતું કે ક્રુડમાં જે ઘટાડો વૈશ્વિક સ્તરે થયો છે તેનો લાભ સ્થાનિક સ્તર પર સરકારે આપ્યો નથી.કારણકે સરકારે તો પેટ્રોલ અને ડીઝલ પર એકસાઈઝ વધારી દીધી છે.ભારતીય ક્રુડ બાસ્કેટ ઓગષ્ટ-૨૦૧૪ થી જાન્યુઆરી -૨૦૧૬ દરમિયાન ૭૨ ટકા ગગડ્યું હતું.પરંતુ પેટ્રોલના રિટેલ ભાવ માત્ર ૧૭ ટકા જ ઘટ્યા હતા.



સપ્ટે.માં નિવૃત થઈ રહેલા રાજને તેમના કાર્યકાળમાં નાણાંકીય નીતિ વધુ પડતી આકરી બનાવીને વ્યાજદર ન ઘટાડયા તેવી ટીકાને તેમણે ફગાવી દીધી હતી. અને કહ્યુ હતું કે જાહેર ક્ષેત્રની બેન્કોએ ભુતકાળમાં જે આડેધડ ધિરાણ કરવાની ભુલ કરી તેને કારણે ધિરાણવૃધ્ધિ ધીમી પડી.તેમણે કહ્યુ કેટલીક પીએસયુ બેન્કના સીઈઓ જે નજીકના ગાળામાં નિવૃત્ત થવાના છે તે એનપીએ અંગે આકરા નિર્ણય લેવા નથી માંગતા અને તેમના અનુગામીને આ સમસ્યા વારસામાં આપવાની નીતિ અપનાવી રહ્યા છે.

ઈન્ડોનેશીયાના જંગલોમાં ટાગુઆન નામે ઓળખાતી બે ફુટ લાંબી ઉડતી ખિસકોલીઓ હજાર ફુટનું અંતર ઉડતા ઉડતા કાપે છે.

વિશ્વમાં મળી આવતાં સૌથી નાના ઓકટોપસની લંબાઈ અઢી સે.મી.હોય છે.


**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


**વિનંતી**



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.


**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬


# મૃતઢોર ઉપાડવાનો કાયમી બહિષ્કાર કરવાનુ તેમજ સફાઇ કામ પણ બંધ કરવાની દલિતોની અત્યાચાર લડત સમિતિનું એલાન

ઉના અત્યાચારની અમાનવિય ઘટના બાદ રાજ્યના અનેક મહાનગરો અને જિલ્લાઓના સેકડો દલિતોએ મૃતઢોરને ઉપાડીને તેની ચિરફાડ કરીને નિકાલ કરવાના કામનો કાયમી બહિષ્કાર કરવાનું શરુ કર્યુ છે. હવે તમામ નગરપાલિકાઓમાં સફાઇ કામ પણ બંધ કરવાની ચિમકી ઉના અત્યાચાર લડત સમિતિએ આપી છે.દલિત અને માનવ અધિકાર સંગઠનોના કર્મશીલોની સમિતિની મળનારી બેઠકમાં દલિત મહાસંમેલન યોજવાની જાહેરાત કરાશે.

જીગ્નેશ મેવાણી,સુબોધ પરમાર,કૌશિક પરમાર,સુરેશ આર્યા સહિતના અનેક કર્મશીલોની આ સમિતિએ ઉના દલિત દમનની ઘટનાનો ફેક ફાઈન્ડીંગ રીપોર્ટ જાહેર કર્યા બાદ પ્રેસ કોન્ફરન્સમાં ઉપરોકત જાહેરાત કરવામાં આવી હતી.સમિતિના કહેવા મુજબ રાજ્યના અનેક તાલુકાઓમાં ગામેગામથી મુખ્યમંત્રીને આવેદનપત્રો આપીને સાંથણીની જમીનો દલિતો અને ભુમી વિહોણા ગરીબોને આપવા માંગણી કરી હતી.સરકારે વર્ષ ૨૦૦૭થી લેન્ડ કચેરી નીમી ખેત જમીન ટોચ મર્યાદા હેઠળ જપ્ત કરેલી સાંથણીની જમીનો ફાળવવાનું બંધ કર્યુ છે.સરકાર, અદાણી,અંબાણી અને એસ્સારને જમીન આપી શકતી હોય તો બંધારણીય અધિકાર મુજબ એસસી,એસટી અને ઓબીસીને કેમ નહીં. વર્તમાન ભાજપ સરકાર દલિત વિરોધી છે. આથી આવી અનેક માંગણીી સાથે નગરપાલિકાઓમાં સફાઇ કામ માટે ચાલી રહેલા આઉટસોર્સીંગ અને હંગામી સિસ્ટમને નામે આર્થિક શોષણનો વિરોધ કરવા, આવા કર્મચારીઓને કાયમી કરી છઠ્ઠા પગારપંચ હેઠળ આવરી લેવાની માંગણી સાથે ૩૧મી જુલાઈએ અમદાવા કલેકટર કચેરી પાસે મહાસંમેલન યોજીને સરકારને આવેદનપત્ર આપવામાં આવશે.

# ૧૬ વર્ષો સુધી મણિપુરમાં આફસ્પા કાયદા સામે ઉપવાસ કરીને લડત આપનારી ઇરોમ શર્મિલા હવે ઉપવાસ તોડી ચુંટણી લડશે

મણિપુર રાજ્યમાં આફસ્પા ( આર્મ્ડ ફોર્સીસ સ્પેશીયલ પાવર્સ એકટ)ના વિરોધમાં ૧૬ વર્ષ સુધી ઉપવાસના શસ્ત્ર દ્વારા પોતાનો વિરોધ કરવા બદલ પ્રખ્યાત બનેલી ઈરોમ શર્મિલાએ ઉપવાસ છોડી દેવાનો નિર્ણય જાહેર કર્યો છે.હવે તે અપક્ષ ઉમેદવાર તરીકે ચુંટણી લડશે.એટલું જ નહી પરંતુ તેણીએ લગ્ન કરવાનો પણ વિચાર કર્યો છે.તેના આ નિર્ણયથી તેના પરિવારજનો અને મિત્રોમાં પણ આશ્ચર્ય પેદા થયું હતું.

૪૪ વર્ષીય ઈરોમ સ્થાનિક કોર્ટમાંથી બહાર આવીને મીડીયા સમક્ષ કહ્યુ હતું કે હવે તેને લાગતું નથી કે તેના ઉપવાસ કરવાથી આ કાયદો પાછો ખેચાશે.આથી તે ઉપવાસ તોડશે,પણ લડત ચાલુ રાખશે.શર્મિલાએ નવેમ્બર ૨૦૦૦થી ખોરાક લેવાનું કે કંઈ પણ પ્રવાહી લેવાનું છોડી દીધું હતું. જો કે સરકાર તેની સામે પગલાં લઈને તેને હોસ્પીટલમાં સતત સારવાર આવી રહી છે.ઈમ્ફાલની જવાહરલાલ નહેરુ હોસ્પીટલમાં તેને નાકમાં ટ્યુબ નાંખીને પ્રવાહી આપવામાં આવતું હતું.ઉપવાસના શસ્ત્રથી અંગ્રેજ સરકાર ગભરાઈ ગઈ હતી.ગાંધીજીની અહિંસક લડાઈનું મુખ્ય હથિયાર ઉપવાસ આંદોલન હતું.જો કે ગાંધીજીના ઉપવાસને લઈને ધાર્યા પરિણામો હાંસલ થયા હતા. પરંતુ ઈરોમ શર્મિલાએ ૧૬ વર્ષો સુધી આપણા દેશી રાજકારણીઓ સામે ઉપવાસ આંદોલન કરીને મીલીટરીને સ્પેશ્યલ પાવર આપતો કાયદો કરી આપ્યો પરિણામે અનેક નિર્દોષ લોકોની હત્યા થઈ કે તેઓ તેનો ભોગ બન્યા.

આખરે તેને લાગ્યુ છે કે હવે રાજકારણમાં પગ પેસારો કરીને જ આ બાબતે લડાઈ આપી શકાય તેમ છે.જો કે હવે તે આ માધ્યમથી કેટલી સફળ થાય છે તે જોવાનું રહે છે.સરકારની નીતિઓમાં ફેરફાર કરવો એટલો આસાન નથી પરંતુ ના પણ થઈ શકે તેમ પણ નથી.


**★ નીલા ફાઇનાન્સ ★**

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# બીફ પરના પ્રતિબંધને કારણે મુસ્લીમ યુવાનોનું ઇસ્લામીક સંગઠન તરફ આર્કષણ વધ્યું છે : રીપોર્ટ

ઈસ્લામીક સ્ટેટ ઓફ ઈરાક એન્ડ સીરીયા ના બે સમર્થકો પરભણીમાંથી ઈમ્પ્રોવાઈઝ્ડ એક્સપ્લોઝીવ ડીવાઈસ બનાવવાની સામગ્રી સાથે પકડાયા તેમની પુછપરછમાં આતંકી સંગઠનમાં જોડાવા માટેનું કારણ બીફ પરનો પ્રતિબંધ હોવાનું જાણવા મળ્યુ હતું.સરકારે બીફ ગાયના માંસ ઉપર પ્રતિબંધ મુકયો હોવાને કારણે યાસિનબીન યફાઈ ચાઉસ અને શાહિદ ખાન ઈસ્લામીક સંગઠનમાં જોડાયા હતા.તેમની પુછપરછમાં એન્ટી ટેરીરીઝમ સ્કવોડને આ માહીતી મળી હતી.બીફ પરના પ્રતિબંધ તેમજ દાદરી એકલાખની થયેલી હત્યા જેવી ઘટનાઓને કારણે તેઓ ઈસ્લામીક સંગઠનમાં જોડાયા હતા.એટીએસના સુત્રોએ જણાવ્યા મુજબ પુછપરછ દરમિયાન બેનેએ જણાવ્યુ હતું કે ઉક્ત બે ઘટનાઓને કારણે તેઓ રોષે ભરાયા હતા. અને તેથી બદલો લેવા માટે તેમણે ઈસ્લામીક સંગઠનમાં જોડાવાનો નિર્ણય કર્યો હતો.

સુરક્ષા એજન્સીનું માનવું છે કે ફારુક અન્સારુલ ત્વાહીદી એયુટીનો વડો શફી અરમાર છે.બંનેએ હિંદીમાં બાધા લઈને ઈસ્લામિક સંગઠનમાં જોડાવાની પ્રતિજ્ઞા લીધી હતી.બાયા લેવા માટેનું લખા પણ ફારુકે મેસેન્જર મારફત મોકલ્યુ હતું.અમને શંકા છે કે ફારુક જ શફી અરમાર ઉર્ફે યુસુફ છે.જે જાનુદ-ઉલ-ખલીફા એ હિંદનો વડો છે.આ સંગઠન પ્રતિબંધિત આતંકવાદી સંગઠન છે.જે ભારતીય એકમ હતું.રાજ્યની છ આતંકવાદ વિરોધી એજન્સીઓ સાથે નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી એ આ વર્ષે આ આતંકી સંગઠનને પકડી પાડ્યું હતું.હાલમાં તેમની ઘનિષ્ટ તપાસ ચાલી રહી છે.જો કે અનેક યુવાનો આતંકી સંગઠનમાં જોડાવા માટે બીજી અનેક વિચારધારાઓનો ભોગ બન્યા હોવાના સમાચારો આવ્યા છે.ભારતમાં રહીને આતંકી વિચાર ધારા ફેલાવનારના સગડ આપણને બંગલાદેશમાં તાજેતરમાં મળી આવ્યા છે.

# સફાઇ કર્મચારી આંદોલનના રાષ્ટ્રીય સંયોજક વિલ્સનને મેગસાયસાય પુરસ્કાર

ભારતમાં મેલુ ઉઠાવવાની પ્રથા વિશે અત્યંત પ્રભાવશાળી કામ કરનારા કર્ણાટકમાં જન્મેલા બેઝવાડા વિલ્સન અને ચેન્નાઈના ગાયક ટી.એમ.ક્રીશ્નાને વર્ષ ૨૦૧૬નો પ્રતિષ્ઠિત મેગસાયસાય પુરસ્કાર એનાયત થશે.બે ભારતીયો સાથે આ પુરસ્કાર માટે અન્ય ચાર વ્યક્તિને પણ પસંદ કરવામાં આવ્યા છે.જેમાં ફિલિપાઈન્સના કોચિન્તા કાર્પિયો મોરેલ્સ,ઈન્ડોનેશીયાના ડોપેટ ડુઆફા,જાપાનના ઓવરસીઝ કોર્પોરેશન વોલેન્ટીયર અને લાઓસના વિયેતિયન રેસક્યુનો સમાવેશ થાય છે.

સફાઈ કર્મચારી આંદોલન : એસકેએના રાષ્ટ્રીય સંયોજક વિલ્સનને માનવીય ગરિમા સાથે જીવન જીવવાના અધિકારની દ્રઢતાપુર્વક વાત કરવા માટે આ પુરસ્કાર આપવામાં આવી રહ્યો છે.

જયારે કૃષ્ણાને સંસ્કૃતિમાં સામાજિક સમાવેશિતા લાવવા માટે ઉભરતી નેતાગીરીની શ્રેણીના આ પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા છે.ભારતમાં મેલુ ઉંચકવાની પ્રથા માનવતા પર કલંક સમાન છે.

પુરસ્કાર માટે પસંદ થયેલા અન્ય ભારતીય ૪૦ વર્ષીય કૃષ્ણાનું સંગીત ભારતીયોના જીવનમાં પરિવર્તનકારી હોવાનું કહેવાયું છે.ચેન્નાઈના બ્રાહ્મણ પરિવારમાં જન્મેલા કૃષ્ણાએ કર્ણાટકી સંગીતને એક શિખર પર બેસાડ્યું છે.તેમણે સંગીતના આધારે સામાજિક ભેદભાવ સામે સવાલો કર્યા છે.

સફાઈ કામદારો માટે મેલુ ઉપાડવાની પ્રથા સામે સરકારે અનેક નિયમો બનાવ્યા છે પરંતુ પ્રથા રોકવા માટેની સામાજીક ક્રાંતિ આવે તેવી વ્યવસ્થા ઉભી કરી નથી.પરિણામે પ્રથા હજુ પણ કેટલીક જગ્યાઓએ દેખાઈ રહી છે.


IN THE FOOTESTED OF JESUS

**HOLYLAND TOUR**

Exploring the journey of the
HOLY LAND
WELCOME TO
ISRAEL,JORDAN,EGYPT & DUBAI

**પ્રભુ કૃપાથી ઇઝરાયેલ ટુર -૨૦૧૬ નું આયોજન કરેલ છે.**
**દેશ-પરદેશના ઇચ્છુક ભાઇ-બહેનોને આ ટુરમાં જોડાવવા માટે જાહેર આમંત્રણ છે. આ ટુરમાં આપ જોઇ શકશો**


**ઇઝરાયેલ, ઇજીપ્ત, જોર્ડન, દુબાઇ બતાવીશું.**

Tour Date 18 May ‘16,Sept.16 November,2016

**પેકેજ પ્રાઇસમાં સામેલ છે. એરટિકિટ, નાસ્તો, લંચ,ડીનર, એન્ટરન્સ ફીએરપોર્ટ ટેક્સ, વીઝાફી, ખાસ ટીપ((Tips),એરફેર, હોટેલ્સ, ગાઇડ ફી,વાહનભાડાં સામેલ છે. અન્ય કોઇ છુપો ખર્ચ નહિ. ગુજરાતીમાં અનુવાદ સાથે સમજ આપવામાં આવશે. ટુરમાં જોડાવા માટે રૂ ૧૫૦૦૦/-ડિપોઝીટ પેટે મોકલવાના રહેશે.**

**પ્રાર્થન પોલ ગોહિલ,**
C/40,નતાશા પાર્ક રેસીડેન્સી- , નિઝામપુરા, વડોદરા.
૩૨૦૦૨૪ મોબાઇલ નં. ૯૮૭૯૪૪૩૩૭૪,૯૪૨૮૬૯૧૦૮૦
E.mail ID : prarthgohil@gmail.com
* * * * * * * * * * * *


# ભાજપની ઉદાસિનતા સામે શિવસેનાનો બળાપો અમે યુતિમાં રહીને સડી ગયા છે



શિવસેના ભાજપ સાથે યુતિમાં મહારાષ્ટ્રમાં સરકારમાં જોડાયેલ છે.પરંતુ તેઓ વારંવ ાર ભાજપની ટીકાઓ કરતા રહે છે.ભાજપને જ્યાં સુધી જરુર શિવસેનાની જરુર છે ત્યાં સુધી તેમની ટીકાઓનો મારો સહન કરશે અને ત્યાર બાદ તેમને ફેકી દેશે.પરંતુ હાલમાં દો શિવસેનાના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ બાજપ સામેની ટીકાઓનો મારો શરુ રાખતાં જણાવ્યુ હતું કે શિવસેનાની એકહથ્થુ સત્તા ક્યારની આવી ગઈ હોત પણ યુતિમાં અમારા પચીસ વર્ષ બગડ્યા.યુતિ કરવાને બદલે શિવસેના લડતી રહી હોત તો આજે અલગ જ ચિત્ર હોત. આમ કહીને શિવસેનાએ પરોક્ષ રીતે જણાવ્યુ હતું કે રાજ્યમાં ભાજપ નહીં પણ તે જ મોટોભાઈ છે.

પક્ષના મુખપત્ર સામનાને આપેલા ઈન્ટરવ્યુમાં શિવસેના પ્રમુખે જણાવ્યુ હતું કે એક તરફ ભાજપ સ્વબળનો નારો આપે છે પણ શિવસેના ય ચુપ બેઠી નથી. હું પણ શિવસેનાનો મુખ્યપ્રધાન લાવીને જ રહીશ. આ મારી પ્રતિજ્ઞા છે અને મારા માટે આ મુખ્ય બાબત છે.મારા માટે બાકી બધું ગૌણ છે. જો યુતિ કરીને પણ આ શક્ય નહી બને તો આ યુતિ ટકશે નહીં.મહારાષ્ટ્રના રાજકારણ વિશે બેધડક ભુમિકા માંડતા ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યુ હતું કે જો સેનાને ગણતરીમાં નહીં લેવામાં આવે તો અમે યુતિ તોડતા અચકાઈશું નહીં.

# વિશ્વ આરોગ્ય સંસ્થાના રીપોર્ટ મુજબ ભારતના ૫૭ ટકા ડોકટરો યોગ્યતા જ ધરાવતા નથી

વિશ્વ આરોગ્ય સંસ્થાના એક ચોકાવનારા ખુલાસામાં જણાવાયું હતું કે ભારતના ૫૭ ટકા ડોકટરો મેડીકલી ક્વોલીફાઈડ નથી. હેલ્થ વર્કફોર્સ ઈન ઈન્ડીયા શીર્ષક હેઠળ ધરાવતા રીપોર્ટમાં દાવા કરાયો છે કે ૨૦૦૧માં જે ૩૧ ટકા લોકોએ તેઓ એલોપેથીક ડોકટર્સ હોવાનો દાવો કર્યો હતો તેઓએ માત્ર હાઈસ્કુલ સ્તરનો જ અભ્યાસ કરેલો હતો.જ્યારે ૫૭ ટકા તો ડોકટરો એવા છે કે જેઓ ખરેખર કોઈ મેડિકલ યોગ્યતા જ ધરાવતા નથી.

વિશ્વ આરોગ્ય સંસ્થાના રિપોર્ટમાં આ સાથે અન્ય એક ખુલાસામાં જણાવાયું છે કે ગ્રામીણ ભારતમાં માત્ર ૧૮ ટકા એલોપેથિક ડોકટરો જ મેડીકલ યોગ્યતા ધરાવે છે. આ અભ્યાસ ૨૦૦૧ની વસ્તી ગણતરીમાં તમામ જિલ્લાઓમાંથી મેળવાયેલા ડેટાને આધારે કરવામાં આવ્યો હતો. જેમાં જણાવાયુ હતું કે ૬૦ ટકા આર્યુવેદીક ડોકટર્સ અને ૪૬ ટકા યુનાની ડોકટર્સ તબીબી યોગ્યતા ધરાવતા હતા. જ્યારે ૪૧ ટકા હોમીયોપેથી પ્રેકટીશનર્સ જ તબીબી યોગ્યતા ધરાવતા હતા.જ્યારે ભારતમાં માત્ર ૪૨.૩ ટકા ડેન્ટીસ્ટ પાસે જ મેડીકલ ડીગ્રી હતી. રિપોર્ટમાં જે મુજબ તબીબી યોગ્યતા ધરાવાત હોય તેવા પુરુષોની સંખ્યા ૩૮ ટકા રહી હતી પણ તેમની તુલનામાં મેડીકલ યોગ્યતા ધરાવતી મહિલાઓની સંખ્યા ૬૭ ટકા જોવા મળી હતી.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.